# દૂધસાગર ડેરી
## મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.,
## પરિપત્ર

નં. એ.એચ./૦૨

તા. ૦૧.૦૬.૨૦૨૩

પ્રતિ,
પ્રમુખશ્રી/મંત્રીશ્રી
........................ દૂધ ઉત્પા.સહ. મં.લિ.
મું.......................તા.........................

### વિષય : વૃક્ષારોપણ કાર્યક્રમ બાબત ...

**"વૃક્ષ એજ જીવન"**એ મંત્રને સાર્થક કરતાં આ વર્ષે આપણા સંઘના દૂધ પ્રાપ્તિ વિસ્તારમાં વૃક્ષારોપણ કાર્યક્રમ કરવા જઈ રહયા છીએ. આ કાર્યક્રમ સારી રીતે થઈ શકે તે માટે દૂધસાગર ડેરી ધ્વારા દૂધ પ્રાપ્તિ વિસ્તારની નર્સરીઓના સંકલનમાં રહી વિવિધ રોપા મેળવી લઈ દૂધ– ઉત્પાદકોને વિતરણ કરવાનું રહેશે.જેથી સમયસર રોપણીનો કાર્યક્રમ હાથ ધરી શકાય. સમગ્ર દૂધ પ્રાપ્તિ વિસ્તારમાં ચાલુ સાલે દૂધસાગર ડેરીના દૂધ ઉત્પાદકો/ સભાસદો અને દૂધમંડળીના માધ્યમથી વૃક્ષો વાવવાનું આયોજન કરેલ છે. આપણી તમામ દૂધ મંડળીઓ તેમના વિસ્તારમાં આવતી **સરકારી નર્સરીઓમાંથી** તેમની જરૂરિયાત પ્રમાણેના રોપા ચલણ ભરીને મેળવી લેવા વિનંતી છે. બિન ફળાઉ રોપાની અને ફળાઉ રોપાની સંખ્યા સાથેનો સરકારી નર્સરીઓમાંથી મેળવવા માટેનો થયેલ ખર્ચ મંડળીના લેટરપેડ અને ચલણ સાથે તમારી મંડળીના સંલગ્ન સી.એસ સુપરવાઈઝ ને રજુ કરવું જેથી થયેલ ખર્ચ દૂધના બિલમાં મજરે આપી શકાય.

દૂધ મંડળીઓ એ તેમના મેળવેલ રોપા મંડળી કક્ષાએ કોને કેટલી સંખ્યામાં વિતરણ કરેલ છે તેની નોંધ રાખવી.તમામ દૂધ મંડળીઓ વૃક્ષારોપણ કાર્યક્રમનું ઉત્સાહ પૂર્વક આયોજન કરે તથા વૃક્ષારોપણ કરતા સમયે સંલગ્ન સી.એસ સુપરવાઈઝ નો સંપર્ક કરીને આ યોજનામાં સહયોગ લેવા વિનંતી છે.તેમજ તેના ફોટા લઈ સંલગ્ન સી.એસ સુપરવાઈઝ ને મોકલવા.

**નોંધઃ–** વૃક્ષારોપણ કરવાની જગ્યાએ અત્યારથી ખાડા કરી રાખવા જેથી છોડની વાવણી કરીએ ત્યારે છોડનો સારી રીતે ઉછેર થઈ શકે.

સૌ સાથે મળી ઝુંબેશ રૂપે વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર કરી,
આખો દૂધવિસ્તાર હરિયાળો બનાવીએ.

**મહેસાણા જિ.સં.દૂ.ઉ.સંઘ લિ.વતી**

**મેનેજર(એ.એચ. એન્ડ એ.બી.)**

(પાછળ)

# સ્થળવાર નર્સરીના નામનું પત્રક

| અ.નં. | જીલ્લાનું નામ | તાલુકાનું નામ | નર્સરીનું નામ | સ્થળ (સરનામા સહિત) |
|---|---|---|---|---|
| ૧ | મહેસાણા | મહેસાણા | મહેસાણા નર્સરી | ફોરેસ્ટ કોલોની, રામોસણા ચોકડી, દર્શન હોટલની પાછળ, હાઈવે, મહેસાણા. |
| ૨ | ,, | ,, | ખેરવા નર્સરી | ગણપત વિદ્યાનગરની બાજુમાં, જી.ઈ.બી. ની સામે, ખેરવા |
| ૩ | ,, | ,, | આંબલિયાસણ નર્સરી | ભાસરીયા ચોકડી હાઈવેથી આંબલિયાસણ ગામના રોડ ઉપર, આંબલિયાસણ |
| ૪ | ,, | ,, | લીંચ નર્સરી | વોટર પાર્કની પાછળ, ખરાબામાં, લીંચ |
| ૫ | ,, | કડી | ધુમાસણ નર્સરી | હાઈવે ચાંદરડા, પાટીયાથી ધુમાસણ રોડ ઉપર, ધુમાસણ |
| ૬ | ,, | વિજાપુર | લાડોલ નર્સરી | લાડોલ, જંત્રાલ રોડ ઉપર, લાડોલ |
| ૭ | ,, | ,, | સોખડા નર્સરી | કડા – કુકરવાડા રોડ ઉપર, સોખડા |
| ૮ | ,, | વિસનગર | ઉદલપુર નર્સરી | મહેસાણા – વિજાપુર રોડ ઉપર, ઉદલપુર |
| ૯ | ,, | ,, | તાતોસણ નર્સરી | વિસનગર–વિજાપુર રોડ ઉપર, તાતોસણ |
| ૧૦ | ,, | વડનગર | સુલીપુર નર્સરી | વિસનગર–ખેરાલુ રોડ ઉપર, સુલીપુર |
| ૧૧ | ,, | ,, | વલાસણા નર્સરી | વલાસણા |
| ૧૨ | ,, | ખેરાલુ | અરઠી નર્સરી | ખેરાલુ–સતલાસણા રોડ ઉપર, અરઠી |
| ૧૩ | ,, | સતલાસણા | સુદાસણા નર્સરી | ખેરાલુ–ડભોડા–સુદાસણા રોડ ઉપર, સુદાસણા |
| ૧૪ | ,, | ઉંઝા | કહોડા નર્સરી | સિધ્ધપુર – ખેરાલુ રોડ ઉપર, કહોડા |
| ૧૫ | ,, | બેચરાજી | મોઢેરા નર્સરી | બેચરાજી – મોઢેરા રોડ ઉપર, મોઢેરા |
| ૧૬ | ગાંધીનગર | માણસા | બિલોદરા નર્સરી | પાલડી રાઠોડની સામે, |
| ૧૭ | ,, | ,, | માણસા નર્સરી | ગાંધીનગર – હાઈવે જકાતનાકાની બાજુમાં |
| ૧૮ | ,, | ,, | આજોલ નર્સરી | માણસા–વિજાપુર હાઈવે |
| ૧૯ | ,, | કલોલ | નારદીપુર નર્સરી | રૂપાલ – રોડ ઉપર |
| ૨૦ | ,, | ,, | સેરીસા નર્સરી | સેરીસા – નર્મદા કેનાલ પાસે |
| ૨૧ | પાટણ | સિધ્ધપુર | દેથલી નર્સરી | દેથલી નર્સરી, સિધ્ધપુર |
| ૨૨ | ,, | ,, | લાલપુર નર્સરી | લાલપુર નર્સરી, સિધ્ધપુર |
| ૨૩ | ,, | પાટણ | સિધ્ધિ સરોવર નર્સરી | ખાન સરોવર રોડ પાસે, પાટણ |
| ૨૪ | ,, | ચાણસ્મા | બ્રાહ્મણવાડા નર્સરી | બ્રાહ્મણવાડા – છમીછા રોડ, |
| ૨૫ | ,, | ,, | ભાટવાસણા | નર્મદા કેનાલની બાજુમાં, ભાટવાસણા |
| ૨૬ | ,, | હારીજ | વાદીપુરા નર્સરી | રાધનપુર રોડ, વાદી વસાહતની બાજુમાં, હારીજ |
| ૨૭ | ,, | હારીજ | ટીમ્બા નર્સરી | આઈ.ટી.આઈ. કોલેજની બાજુમાં, હારીજ રાધનપુર રોડ |